# શું દેશને ખરેખર સો ટકા સાક્ષરતા વાળો કરવો છે?

આત્મીય મિત્રો

આઝાદીના **58** વર્ષ વીત્યા છતાં દેશમાં સો ટકા સાક્ષરતા લાવી શક્યા નથી. દેશની ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કોઈ યોજનાઓ બનાવી નથી. આઝાદી પછી પણ મેકોલોની શિક્ષણ પદ્ધતિ ચાલુ છે.કારણ હજુ આપણે માનસિક ગુલામ છીએ. કોઈ એવી સર્વ સામાન્ય શિક્ષણ પદ્ધતિ દાખલ કરી શક્યા નથી. નાના માણસ (આર્થિક દ્રષ્ટિથી પોષાય તેવી ) માંડીને ધનવાનના બાળકોને સરખું શિક્ષણ મળે તેવો અભિગમ ક્યાંય દેખાતો નથી. હાલમાં શિક્ષણ ધર્મને બદલે ધંધામાં ફેરવાયું છે. માત્ર પૈસા કમાવવા માટે જ શિક્ષણ સંસ્થાઓ બની છે. આજની શિક્ષણ પદ્ધતિએ દેશમાં નાગરિકોને નીતિ, પ્રમાણિકતા કે નિષ્ઠા વધે તેઓ કોઇ પ્રયત્ન થયો નથી. ગમે તેમ કરીને પૈસા આપીને સેલ ફાઈનાન્સ કોલેજોમાં પૈસાદારના સંતાનો ઓછી ટકાવારી હોવા છતાં મે ડિકલ શિક્ષણ અને એન્જિનિયરિંગમાં પ્રવેશ મેળવે છે. ઓછી લાયકાતવાળા શું ધૂળ તેમના ક્ષેત્રમાં ન્યાય આપી શકે ? અનામત પદ્ધતિ જેટલી ખોટી છે તેટલી જ આ નવી સેલ્ફ ફાઈનાન્સ કોટા વાળી અનામત પદ્ધતિ ખોટી અને ખરાબ છે. મારી દ્રષ્ટિએ સેલ્ફ ફાઈનાન્સ શાળા અને કોલેજ ભારતીય સંસ્કૃતિ માટે સફેદ કલંક બરાબર છે .

આજે ભલે એવું લાગતું કે સરકારનો બોજો ઓછો કરવાનો પ્રયત્ન છે. પરંતુ ટૂંક સમયમાં આના ભયંકર પરિણામો આવશે. બેકારી અને ભ્રષ્ટાચારી વચ્ચે નીતિમત્તા તો સાવ નેવે મુકાઈ જશે. શિક્ષણ પર માત્ર પૈસા વાળા નો જ અધિકાર રહેશે. મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગ આવી ઊંચી તગડી ફી આપીને તેમના બાળકોને તેવી શાળામાં ભણવા ન બેસાડી શકે. પ્રાથમિક વિભાગમાં ભણાવવાના હોસ્ટેલ વાળી સ્કૂલોના વર્ષના **50,000** થી વધારે ખર્ચ આવે છે. ભૌતિક સુવિધાઓના અને વિવિધ પ્રવૃત્તિ એક્ટિવિટીના નામે લોકોને લૂંટવાનું કે લોકો જાતે રાજી ખુશીથી લૂંટાઈ જવા તૈયાર થાય છે.

મિત્રો કોઈએ આમાં નાના માણસોને કેમ વિચાર ના કર્યો ? પોતાના જ તરભાણા ભરવાના કીમિયા દેખાય છે. સેલ ફાઈનાન્સ ધારે તેવી ફી ઉઘરાવે છે. મેનેજમેન્ટ ક્વોટાની સીટો માટે ધારે તેટલું ડોનેશન ઉઘરાવે છે. જોકે હમણાં તો એમાં થોડો ફેરફાર સરકારે કર્યો છે. સારી વાત કહેવાય. ક્યાં સુધી ચાલ્યા કરશે ? આવા સેવાના નામે મેવા મેળવવાના શિક્ષણના ધંધાઓ ક્યાં લઈ જશે આવી શિક્ષણ પદ્ધતિઓ આપણા દેશને ? હાલમાં ચાલતી અનામતની બિલકુલ ખોટી પદ્ધતિને નાબૂદ કરીને અતિ આર્થિક પછાત લોકોને લાભ કરે તેવી અનામત પદ્ધતિ લાવવાની જરૂર છે. જેનાથી સમાજના પ્રત્યેક વર્ગના કે જાતિના કે કોમના લોકોને ફાયદો થાય. કેમ નથી કોઈ તેવું હિંમત ભર્યું પગલું લેવાનું વિચારતું ? બધાની વિચાર શક્તિ કુંઠિત થઈ ગઈ છે કે શું ? અને નવી નવી તઘલખી યોજનાઓ શિક્ષણ દાખલ કરી શિક્ષણને ધંધાના સ્વરૂપમાં ફેરવવામાં આવી રહ્યું છે. દેશના પ્રત્યેક બાળકોને કેમ કોઈ ધ્યાન નથી રાખતું.

મિત્રો મારા દેશના સર્વ નાગરિકોને પૂછવું છે કે શું દેશ ખરેખર સો ટકા સાક્ષરતા મેળવે એવું ઈચ્છે છે ? તો સૌથી પહેલા ફેંકી દો, મેકોલીની શિક્ષણ પદ્ધતિને અને દેશનો ખરેખર વિકાસ ઈચ્છા હોય તો દેશને એક એવી શિક્ષણ પદ્ધતિની જરૂર છે કે જે સમાજના પ્રત્યેક વર્ગના જાતિના કે કોમના બાળકોનું હિત ઈચ્છે અને તેવી પદ્ધતિનું નામ છે T.S.S.P. શિક્ષણ પદ્ધતિ. દેશ અને દુનિયાની સર્વ સમસ્યાના ઉકેલ T.S.S.P. શિક્ષણ પદ્ધતિ આપી શકે તેમ છે. છે કોઈ ભારતનો માઈનો લાલ કે આ T.S.S.P. પદ્ધતિને શિક્ષણ ક્ષેત્રમાં દાખલ કરાવી શકે ? ખરેખર જો અદભુત બદલાવ લાવવો હોય તો વિશિષ્ટ પદ્ધતિ અપનાવે છૂટકો. કરોડો રૂપિયાના આંધણ કર્યા છતાં, ૫૮ વર્ષો પછી ( લેખ બહુ સમય પહેલા લખાયો હતો.) પણ સો ટકા સાક્ષરતા આપણે દેશને આપી શક્યા નથી. T.S.S.P. પદ્ધતિ એવો પ્રબળ દાવો કરે છે કે માત્ર તેના **20 - 25** વર્ષમાં હિન્દુસ્તાનની સિકલ બદલાઈ જશે. દેશનો એક પણ બાળક અભણ ન રહે તેવું આયોજન **tssp** પદ્ધતિમાં છે.

ભારત દેશ **5** થી **6** લાખ ગામડાઓ કરતાં વધારે ગામડાઓનો બનેલો દેશ છે. એમાંય લાખોની સંખ્યામાં દેશના લોકો દર વર્ષે દરમિયાન એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં કમાવા સારું ફરતા રહે છે. ત્યારે તેવા લોકોના બાળકોનું શું ? હાલમાં ચાલતી મેકોલોની પદ્ધતિમાં તેમનું સચોટ ઉકેલ છે? શું આ એસ.એસ.એ. , મોબાઈલ

સ્કૂલ, એ,એસ. વર્ગ , નિરંતર શિક્ષણ  કે પ્રૌઢ શિક્ષણ વગેરે યોજનાઓ દેશને સાક્ષર કરવાના સચોટ ઉપાય છે ? મારી દ્રષ્ટિએ જરાય નથી.  આ તો માત્ર ને માત્ર થીગળા છે. કરોડ રૂપિયાની ગ્રાન્ટો લઈને માત્ર કાગળ ઉપર સાક્ષરતાના આંકડા બતાવવાના કાર્યક્રમો છે .ખરેખર વાસ્તવિકતા  કઈક  જુદી છે.

આજે દેશમાં શિક્ષણ રૂપી વૃક્ષને માત્રને માત્ર પાંદડે પાણી પાવામાં આવી રહ્યું છે. મૂળમાં પાણી આપવાની કોઈને ખબર નથી કા તો હિંમત નથી. કોઈ ભારતનો  માયનો લાલ જો આ T.S.S.P.  પદ્ધતિને એકવાર હિન્દુસ્તાનના શિક્ષણ જગતમાં દાખલ કરી  જુએ , પછી તેના પરિણામો કેવા આવે છે?  તે તો આખો વિશ્વ નિહાળશે.  મિત્રો કરોડોના ખર્ચા મેકોલની પદ્ધતિમાં તો કર્યા છે.!!! એક વાર આપણે અત્યાંધુનિક સ્વદેશી **tssp** પદ્ધતિનો અમલ તો કરી જુઓ.  ત્યારે તમને એમ થવું જોઈએ થતું હશે કે આ ટી.એસ.એસ.પી. પદ્ધતિમાં એવું શું છે આટલી ખાતરીબંધ પ્રબળ દાવો કરવામાં આવે છે.

T.S.S.P.પદ્ધતિનું વિગતવાર આલેખન કરવું અત્રે શક્ય નથી પણ તેના વિશે મારા પુસ્તક "<u>સ્વરાજને પંથે</u>"  માંથી જાણી શકશો છતાં પણ એની ઝાંખી ઝરમર અહીં આપી દઉં. T.S.S.P. નું આખું નામ 'તપોવન શિક્ષણ  સમવાય પદ્ધતિ'.  જે અત્યારની  અર્વાચીન અને પ્રાચીન ગુરુકુળ પદ્ધતિઓનો સમન્વય સાથે તેમાં ઘણું બધું  છે.સમાજના પ્રત્યેક વર્ગના બાળકો સમાનતાથી અભ્યાસ કરી શકે તેવું આયોજન છે. આ પદ્ધતિમાં શિક્ષણતંત્રને રાજકારણ તદ્દન અલગ બનાવવાની વાત છે. જેમ ન્યાયતંત્ર અલગ છે અને સ્વતંત્ર છે તેમ શિક્ષણ તંત્રને રાજકીય નેતાઓના હાથમાંથી મુક્ત કરીને સ્વતંત્ર બનાવવાની વાત છે. સમગ્ર દેશને એક શિક્ષણ તંત્ર નીચે શૈક્ષણિક આયોજન કરવાની વાત છે. બાળકોમાં શાળામાં  રહીને જ અભ્યાસ કરે તેવું આયોજન તેમાં છે. તે માટે સરકારને  અતિશય બોજો  ન પડે તેવું પણ છે. T.S.S.P. માં મોટાભાગે પરીક્ષા પધ્ધતિ નાબૂદ કરવાની વાત છે. વિશિષ્ટ પદ્ધતિ..... વિશિષ્ટ ભરતી પ્રક્રિયા.... વિશિષ્ટ ટ્રેનીંગ  કોલેજ.... વિશિષ્ટ અભ્યાસક્રમ..... સમાન એજ્યુકેશન, સમાન સેલેરી બેઝિક વગેરે ઘણી બધી બાબતોનો સમાવેશ કર્યો છે.

મિત્રો કોઈ  અમુક વર્ગ જૂથને ધ્યાનમાં રાખીને નહીં પરંતુ સમગ્ર દેશના લોકોને ધ્યાનમાં રાખીને પધ્ધતિ બનાવી છે. તેના વિશે વધારે ચિંતન થાય તે અપેક્ષિત છે. ભારત દેશ કે એ સિવાય કોઈ પણ દેશ T.S.S.P.  પધ્ધતિ પ્રવાહ ચાલશે તો ચોક્કસ પૂર્ણ પ્રગતિ પામશે.  બેકારી. મોંઘવારી. ભ્રષ્ટાચારી.. અત્યાચાર કે  વસ્તી વધારો, પ્રદૂષણ બધી સમસ્યાનો ઉકેલ આ પદ્ધતિમાં છે. મિત્રો આ પદ્ધતિનો શક્ય એટલો વહેલો અમલ થશે એટલો વહેલો વિકાસ શક્ય છે. બાકી હજુ બીજા **100** વર્ષ વીતી  જશે તોય  પ્રગતિ શક્ય નથી. અસ્તુ જય ભગવાન

આજા માનવના જય ભગવાન જય પરમાત્મા.
(વૈશ્વિક જીવન દર્શની તા=14/7/05)
" અંતરની એરણ થી "